જા.નં./મા-૨/નિષ્ઠા તાલીમ/૨૦૨૧/15923
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.
તા.૦૧/૧૨ /૨૦૨૧

ઉક્ત પત્રની જાણ તથા અમલવારી કરવા સારું.

(એચ.એચ. રાજ્યગુરુ)
જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ. સુરત.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જીલ્લાની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાઓ તરફ,
જી.સુરત

૩૨૦૭૭-૧૧૫

સચિવ

ક્રમાંકઃજીસીઇઆરટી/તાલીમ/૨૦૨૧-૨૨/
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન' સેક્ટર-૧૨, ગાંધીનગર
Email: gcerttraining@gmail.com
તારીખઃ 29/11/2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષયઃ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શિક્ષકોને નિષ્ઠા શિક્ષક તાલીમના ૧ થી ૧૨ ના કોર્સમાં જોડવા બાબત

શ્રીમાન,

એન.સી.ઇ.આર.ટીના દ્વારા સમગ્ર રાષ્ટ્રમાં સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શિક્ષકો અને આચાર્યોને **NISHTHA 2.0** (National Initiative For School Heads' and Teachers' Holistic Advancement) તાલીમ આપવાનું ઓગષ્ટ ૨૦૨૧ થી આયોજન થયેલ છે. નિષ્ઠા સેકન્ડરી કોર્સમાં શિક્ષકો અને આચાર્યોએ કુલ ૧૩ મોડયુલની તાલીમ ઓનલાઇન મોડથી દીક્ષા પ્લેટફોર્મ પર મેળવવાની રહે છે. જેમાં દર માસે ૩ મોડયુલની તાલીમ મેળવવાની રહે છે.

આ તાલીમમાં ૧ થી ૧૨ મોડયુલમાં નવેમ્બર માસમાં પુર્ણ થયેલ છે. હાલ મળેલ આંકડાકીય માહિતી જોતાં રાજયના સરેરાશ ૮૦ ટકા શિક્ષકોએ જ રજીસ્ટ્રેશન થયેલ છે. હજુ પણ ૨૦ ટકા શિક્ષકો કોઇને કોઇ કારણસર ૧ થી ૧૨ મોડયુલમાં જોડાઇ શકયા નથી.

આપ જાણો છો તે મુજબ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અંતર્ગત તમામ શિક્ષકોએ વર્ષ દરમિયાન 50 કલાકની CPD (Continuous Proficiency Development) તાલીમ મેળવવાની રહે છે. તેમજ આ 50 કલાકની CPD એ PGI (Performance Grading Index) નો ભાગ બને છે. જેને આધારે રાજયનો PGI નક્કી થાય છે. જો રાજયના ૧૦૦ ટકા શિક્ષકો આ તાલીમમાં ન જોડાય કે ઓછા જોડાય તો તેની સીધી અસર PGI પર થાય છે અને જેને કારણે રાજયનો ગ્રેડ આવનારા વર્ષોમાં નીચો રહેવાની સંભાવના રહેલી છે.

આ બાબાતની ગંભીરતા જોતાં એન.સી.ઇ.આરટી દ્વારા રાજયના ૧૦૦ ટકા શિક્ષકો નિષ્ઠા તાલીમ મેળવે તે હેતુસર ડિસેમ્બર માસમાં (કોર્સ શરૂ થવાની તારીખ ૧ થી ૩૧ ડિસેમ્બર અને

કોર્સમાં જોડાવાની અંતિમ તારીખ ૨૫ ડિસેમ્બર) કોર્સ મોડયુલ ૧ થી ૬ અને જાન્યુઆરી-૨૦૨૨ માં કોર્સ મોડયુલ ૭ થી ૧૨ ની તાલીમ ( કોર્સ શરૂ થવાની તારીખ ૧ થી ૩૧ જાન્યુઆરી અને કોર્સમાં જોડાવાની અંતિમ તારીખ ૨૫ જાન્યુઆરી) પુનઃ શરૂ કરવામાં આવનાર છે. જે શિક્ષકોએ આજ સુધી એકપણ વખત તાલીમ મેળવી નથી કે શિક્ષકો ૭૦ ટકા કરતાં ઓછા ગુણ મળવાને કારણે પ્રમાણપત્ર મેળવી શક્યા નથી તેમના માટે આ ઉત્તમ તક છે કે તેઓ સત્વરે આ કોર્સમાં જોડાઇ જાય અને તેમનું કોર્સ પૂર્ણ કર્યાનું પ્રમાણપત્ર મેળવી લે જેથી રાજયના ૧૦૦ ટકા શિક્ષકો આ તાલીમ મેળવી શકે અને રાજયનો લક્ષ્યાંક સફળતા પૂર્વક હાસંલ કરી શકાય.

કોર્સ મોડયુલ ૧ થી ૧૨ ની તાલીમમાં એક સાથે છ કોર્સમાં ( જોઇન કોર્સ બટન કલીક કરી ) શિક્ષકો જોડાય જેથી તા. ૨૫ બાદ કોર્સમાં રજીસ્ટ્રેશનના પ્રશ્નો ઉપસ્થિત રહે નહી.

જિલ્લા કક્ષાએ નિષ્ઠા સેકન્ડરી તાલીમમાં રાજયની તમામ સરકારી, ગ્રાન્ટેડ, અને ખાનગી માધ્યમિક ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શિક્ષકો અને આચાર્યો જોડાય અને તમામ ૧૩ કોર્સ પૂર્ણ કરે તે માટે જરૂરી સંકલન કરી તેના સુચારૂં અમલીકરણની વ્યવસ્થા ગોઠવાય તે માટે જરૂરી આયોજન જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ કરવાનું રહેશે. આ કામગીરી માટે જિલ્લા કક્ષાએ નિષ્ઠા તાલીમ માટે નિયુક્ત થયેલ નોડલ ઓફિસરને જરુરી સૂચના આપની કક્ષાએથી આપવાની રહેશે.

- શિક્ષકે https://diksha.gov.in/explore ના માધ્યમથી નિષ્ઠાના 13 કોર્સમાં ફરજિયાત જોડાવવાનું રહેશે.
- આ તાલીમ દરમિયાન તાલીમમાં જોડાવવા સંબંધી તેમજ શૈક્ષણિક પ્રશ્નો કે મુશ્કેલીઓ માટે શિક્ષકે તેમના જિલ્લા નોડલ ઓફિસરનો (નિષ્ઠા તાલીમ) સંપર્ક કરવાનો રહેશે.
- દરેક શિક્ષકને ઓનલાઇન કોર્સ પૂર્ણ કર્યા બાદ નિષ્ઠા તાલીમ પૂર્ણ કર્યા અંગેનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. જે માટે તાલીમાર્થીએ કોર્સના મૂલ્યાંકનકાર્યમાં 70% ગુણ પ્રાપ્ત કરવાના રહેશે તો જ તેનું જ ઓનલાઇન પ્રમાણપત્ર જનરેટ થશે. તાલીમ પૂર્ણ થયા બાદ ૧૫ દિવસમાં દીક્ષા પ્લેટફોર્મમાં લોગીન થતા પ્રોફાઇલ પેજમાંથી ડાઉનલોડ કરી શકાશે.
- દરેક શિક્ષકે તાલીમમાં શીખેલ બાબતોનું વર્ગખંડમાં ઉપયોજન કઇ રીતે કરવું તેનો કોર્સવાઇઝ અહેવાલ (મોડયુલ વાઇઝ કુલ ૧૩) સ્વાધ્યાયકાર્યના સમયગાળામાં તૈયાર કરી કયુ.ડી.સી.કો.ઓર્ડિનેટરને જમા કરાવવાનું રહેશે.
- કયુ.ડી.સી.કો.ઓર્ડિનેટરે શિક્ષકે કોર્સવાઇઝ જમા કરાવેલ અહેવાલ માટેનું રજીસ્ટર (મોડયુલ વાઇઝ કુલ ૧૩) નીચે આપેલ નમૂના મુજબ તૈયાર કરી ૧ થી ૬ મોડયુલનું ૫ જાન્યુઆરી

૨૦૨૨ અને ૭ થી ૧૨ મોડયુલનું ૫ ફેબ્રુઆરી ૨૦૨૨ સુધીમાં એસ.વી.એસ. કન્વીનરને તેમજ એસ.વી.એસ. કન્વીનરે દિન-૨ માં જિલ્લાના નોડલ ઓફિસરને જમા કરાવવાનું રહેશે.

| ક્રમ | શિક્ષકનું નામ | શાળા પ્રકાર | ભણાવતા હોય તે ધોરણ | મોડયુલવાઇઝ જમા કરાવેલ અહેવાલની વિગત | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| | | | | | | | | | |

| ક્રમ | શિક્ષકનું નામ | શાળા પ્રકાર | ભણાવતા હોય તે ધોરણ | મોડયુલવાઇઝ જમા કરાવેલ અહેવાલની વિગત | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | 7 | 8 | 9 | 10 | 11 | 12 |
| | | | | | | | | | |

(વી. આર. ગોસાઇ)
સચિવ
જીસીઇઆરટી
ગાંધીનગર

નકલ રવાના જાણ અને અમલ સારૂં

- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના સંકલનમાં ર કામગીરી શરૂ કરાવવા જરૂરી આયોજન કરવા સારૂં
- સંયુકત શિક્ષણ નિયામકશ્રી (માધ્યમિક) કમિશ્નર શાળાઓની કચેરી, જૂના સચિવાલય, ગાંધીનગર
- નાયબ નિયામકશ્રી (મહેકમ) કમિશ્નર શાળાઓની કચેરી, જૂના સચિવાલય, ગાંધીનગર